# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-04-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# POLITICAL CAMPAIGN

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીને લઈ રાજકીય પક્ષના દિગ્ગજ નેતાઓ દ્વારા પૂરજોશમાં પ્રચાર કરવામાં આવી રહ્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે મહીસાગરના સંતરામપુર ખાતે વિકાસ સંકલ્પ સભા સંબોધી ભાજપના ઉમેદવારોના સમર્થનમાં પ્રચાર કર્યો. જ્યારે ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ ગીરસોમનાથમાં વેરાવળ તાલુકાના વાવડી-આદ્રી ખાતે વિકાસ સંકલ્પ સભા સંબોધી ગ્રામજનો સાથે સંવાદ કર્યો હતો.

તો, આમ આદમી પાર્ટીના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના ઊંડવા ગામમાં વિજય વિશ્વાસ સભા સંબોધી હતી. બીજી તરફ, પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયા સહિતના નેતાઓ સુરેન્દ્રનગર, જુનાગઢ, મહીસાગર જેવા જિલ્લાઓમાં વિજય વિશ્વાસ સભા સંબોધશે.

# SURAT LOCAL ELETCION

રાજ્યભરમાં આ રવિવારે યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીને લઈ વહીવટી તંત્ર દ્વારા પૂરજોશમાં તૈયારી કરવામાં આવી રહી છે. ત્યારે સુરતમાં પણ ચૂંટણી પહેલા રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. આ અંગે સાંભળીએ અમારાં પ્રતિનિધિ લોપા દરબારનો અહેવાલ.

(VOICECAST: LOPA DARBAR)

# BHARUCH BJP SAMMELAN

ભરૂચમાં ભોલાવ જિલ્લા પંચાયત બેઠક અને જિલ્લા પંચાયતમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતોની બેઠકો માટે ભાજપ દ્વારા કાર્યકર્તા સંમેલન યોજાયું. આ પ્રસંગે ઉપસ્થિત રાજ્યકક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલ સહિતના આગેવાનોએ કાર્યકર્તાઓને સંગઠન મજબૂત બનાવવા, વિકાસકાર્યોને વેગ આપવા અને ગ્રામ્યસ્તરે જનસેવા વધારવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

# PANCHMAHAL – POLICE FLAG MARCH

પંચમહાલમાં શાંતિપૂર્ણ માહોલમાં આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી યોજાય તે માટે જિલ્લા પોલીસ સક્રિય થઈ છે. દરમિયાન પોલીસે  ગોધરા શહેરમાં ફ્લેગમાર્ચ યોજી હતી.

( VOICE CAST : VIPUL PUROHIT )

# ELECTION COMMISSION LETTER

રાજ્યમાં આગામી 26 તારીખે યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીના મતદાન અને પુનઃમતદાનના બીજા દિવસને કર્મચારીઓને ચૂંટણી ફરજ પરનો સમયગાળો ગણવા રાજ્ય ચૂંટણી આયોગે જણાવ્યું છે.

સત્તાવાર યાદી મુજબ, મતદાનના દિવસે ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ મતદાન પૂર્ણ થયા બાદ રિસિવિંગ સેન્ટર પર મોડી રાત્રે અથવા બીજા દિવસે પરોઢે પહોંચતા હોય છે. એટલે તેઓ મતદાનના બીજા દિવસે તેમની કચેરીમાં હાજરી આપવી મુશ્કેલ બને છે. તેને ધ્યાનમાં રાખી ચૂંટણી આયોગે મતદાનના બીજા દિવસને ચૂંટણી ફરજ પરનો જ સમયગાળો ગણવા નિર્ણય કર્યો છે.

# PRIMARY RESULT

પ્રાથમિક શિક્ષણ વિભાગે પરિણામ પત્રકની પદ્ધતિમાં મોટા ફેરફાર કર્યા છે. તે અનુસાર ધોરણ 1 અને 2ના વિદ્યાર્થીઓને હવે હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ અપાશે. આ કાર્ડમાં ગુણ નહીં પરંતુ વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ, વર્તન, કુશળતા અને સર્વાંગી વિકાસનો સમાવેશ થશે. જ્યારે ધોરણ ૩ થી ૮માં હવે પરિણામ ઓનલાઈન તૈયાર કરાશે.

પરીક્ષા બાદ શાળા વિદ્યાર્થીઓના ગુણ ઓનલાઈન અપલોડ કરશે. ત્યારબાદ પરિણામ ઓનલાઇન ડાઈનલોડ કરી વિદ્યાર્થીઓને વિતરણ કરાશે.

# IPL

IPL ક્રિકેટમાં, આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મેચ રમાશે. આ મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

આ મેચમાં ગુજરાત પાસે સતત ચોથી જીતની તક હશે, જ્યારે મુંબઈની ટીમ હારનો સિલસિલો અટકાવવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે.

# MAHISAGAR BRIDGE

મહીસાગર જિલ્લાના લુણાવાડા નજીક મહી નદી પરનો તંત્રોલી બ્રિજ આજથી  કાર્યરત કરાયો છે.  ચોમાસા  પહેલા  પુલના સમારકામને પગલે જિલ્લા કલેકટર દ્વારા અવર જવર બંધ કરવામાં આવી હતી.